આંક–૩૬

**ઔદ્યોગિક ન્યાયપંચ નં.ર નાં પ્રમુખ અધિકારીશ્રી અશ્વિન દવે સમક્ષ,અમદાવાદ**

**ફરીયાદ (આઈ.ટી.) નં.૦૫/૨૦૧૬**
**ઈન**
**રેફરન્સ (આઈ.ટી.) નં.૧૮૬/૨૦૧૧**

**ફરીયાદી :–** જયેશભાઈ નટવરભાઈ પટેલ,
પટેલ વાસ, રામજી મંદિર સામે,
મેમનગર ગામ, અમદાવાદ.

**–: વિરૂધ્ધ :–**

**સામાવાળા:–** (૧) આરજવ શાહ,
મેનેજર (AMTS)
જમાલપુર, અમદાવાદ
(૨) શ્રી આર. એલ. પાંડે,
ડેપ્યુટી ટ્રાન્સપોર્ટ મેનેજર,
એ.એમ.ટી.એસ.,
જમાલપુર, અમદાવાદ
(૩) શ્રી જીતેન્દ્ર ટી. મેહતા,
ડીરેકટર ઓફ ટ્રાફિક,
એ.એમ.ટી.એસ.,
જમાલપુર, અમદાવાદ

**હાજર રહયા:–** ફરીયાદી તરફે :– વકીલશ્રી બી.બી. ઠેસીયા.
સામાવાળા તરફે:– વકીલશ્રી જે.ડી. ચાલીસહજાર.

**બાબત:–** ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ–૩૩(૨)(બી) અન્વયેની અરજી.

**–: ચુકાદો :–**

**(૧)** ફરીયાદીએ હાલની ફરીયાદ અરજી ઔદ્યોગિક વિવાદ ધારો, ૧૯૪૭ ની કલમ–૩૩ (એ) અન્વયે સામાવાળા વિરૂધ્ધ દાખલ કરી ફરીયાદીને સામાવાળાઓએ ઈરાદાપુર્વક કામ ન આપી અને કહેવાતી ગેરહાજરી બદલ ચાર્જશીટ અને ફાઈનલ નોટીસ સુધીની તમામ પ્રક્રિયા ફરીયાદીની નોકરીની શરતોમાં ગેરકાયદેસર

ફેરફારની પ્રક્રિયા છે તેમ જાહેર કરવાની તેમજ સામાવાળાએ ચાર્જશીટમાં જણાવેલ દિવસોમાં કામની સોંપણી કરેલ ન હોઈ તમામ દિવસોનો પગાર ભરપાઈ કરી આપે તેવો હુકમ કરવાની દાદ માંગેલ છે.

(૨) ફરીયાદીની અરજીની હકીકત એવી છે કે, ફરીયાદી સામાવાળામાં સને ૧૯૯૬–૯૭ ના વર્ષમાં નિયમ મુજબ ભરતીની પ્રક્રિયા ધ્વારા નોકરીમાં જોડાયા હતા. ફરીયાદી કાયમી ડ્રાઈવર ના આવે તેવી જગ્યાએ ફરજ બજાવતા હતા અને પુરેપુરા ૩૦ દિવસ કામ કરતા હતા. ફરીયાદીએ ૫ વર્ષની નોકરી દરમ્યાન ૯૦૦ દિવસની હાજરી પુરી કરેલ છે તેથી સામાવાળાના નિયમ મુજબ કાયમી થવા હકકદાર છે. સામાવાળા ફરીયાદીને સને ૧૯૯૬–૯૭ થી સને ૨૦૦૨ સુધી નિયમિત કામ આપતા હતા અને પાંચમા પગાર પંચ પ્રમાણે પગાર ચુકવતા હતા. સામાવાળાએ સને ૨૦૦૨ માં ફેબ્રુઆરી માસમાં ગોધરા કાંડના કારણે કામ આપવાનું બંધ કરેલ અને ૫૦% કરતા વધુ બસો બંધ રાખવાનુ ચાલુ કરેલ. ફરીયાદી સાથે કામ કરતા આશરે ૨૦૦૦ જેટલા ડ્રાઈવર–કંડકટર કર્મચારીઓને કામ આપવાનું બંધ કરેલ. સદર ૨૦૦૦ કર્મચારીઓને નોકરીમાથી બંધ કરવા કોઈ હુકમ આપેલ નથી કે આઈ.ડી. એકટની કલમ–૨૫(એફ) મુજબ નોટીસ પગાર કે વળતર ચુકવેલ ન હતું. ફરીયાદી સામાવાળાના મસ્ટર રોલ ઉપર ચાલુ હતા પરંતુ કામ બંધ કરીને કામ આપતા ન હતા. સામાવાળાએ ફરીયાદીને સને ૨૦૦૫–૦૬ માં પુરેપુરી બસ ચલાવવાનો નિર્ણય લેતા ફરી કામે બોલાવ્યા હતા અને ફરીયાદી કામ ઉપર ચડી ગયા હતા. સામાવાળાએ અગાઉની જેમ પાંચમા પગાર પંચ મુજબ પગાર આપવાને બદલે તેમજ તા.૧/૧/૦૬ થી છઠા વેતન પંચ આપવાને બદલે દૈનિક રૂ.૧૯૯/– આપવાનું ચાલુ કરેલ જે ફરીયાદીને મંજુર ન હોવા છતાં ફરીયાદીની નોકરી છીનવાઈ ન જાય તે માટે ફરીયાદી નોકરી ઉપર ચડી ગયા હતા. ફરીયાદી કાયમ કરવાની માંગણી કરતા ફરીયાદીને કામ આપવાનું બંધ કરેલ તે જ સમયે ફરીયાદીથી જુનિયરને કામ આપતા હતા. ફરીયાદીની અનેક વિનંતી છતા ફરીયાદીને કામ ચાલુ કરેલ જેથી

ફરીયાદીએ ઔધોગિક વિવાદ ઉપસ્થિત કરવાની ફરજ પડેલ જે રેફરન્સ (આઈ.ટી.) નં. ૧૮૬/૨૦૧૧ થી પડતર છે. સામાવાળાએ ફરીયાદીને ડી.આર.સી. નં.૩૭ (૧૨ × ૧૩) અને ડી.આર.સી. નં.૨૬ (૧૪ × ૧૫) થી ચાર્જશીટ આપેલ. આ ચાર્જશીટની તપાસમાં તમામ જવાબોમાં ફરીયાદીને ફરજ ઉપર ચઢાવાના અનેક પ્રયત્ન કરી પત્ર લખેલ છતા ફરજ પર ન ચઢાવી ફરીયાદીની નોકરી શરતોમાં ગેરકાયદેસર ફેરફાર કરેલ છે. સામાવાળાને વારંવાર વિનંતી કરવા છતા કામ આપતા નથી અને ગેરહાજરીની નોટીસ આપી નોકરીમાથી બંધ કરવાની પ્રવૃતિ કરે છે જે અયોગ્ય મજુર પ્રથા છે. ફરીયાદી આજે પણ કામ પર હાજર થવા માંગે છે પરંતુ સામાવાાળા ફરીયાદીને ફરજ પર ચઢાવવાની કોઈ પ્રક્રિયા કરતા નથી. સામાવાળાએ તા.૮/૩/૧૬ ના રોજ નોકરીમાંથી શા માટે બરતરફ ન કરવા તે અંગે નોટીસ આપેલ હોઈ ફરીયાદીએ હાલની ફરીયાદ દાખલ કરવાની ફરજ પડેલ છે. ફરીયાદીનો ડીમાન્ડ કેસ પડતર હોઈ સામાવાળાએ ફરીયાદીને બરતરફ કરતા પહેલા પરમીશન અરજી કરવી જોઈએ અને ઔધોગિક ન્યાયપંચ પરમીશન ન આપે ત્યાસુધી નોકરીમાં ચાલુ રાખવા જોઈએ. ફરીયાદીએ સામાવાળાઓએ ઈરાદાપુર્વક કામ ન આપી અને કહેવાતી ગેરહાજરી બદલ ચાર્જશીટ અને ફાઈનલ નોટીસ સુધીની તમામ પ્રક્રિયા ફરીયાદીની નોકરીની શરતોમાં ગેરકાયદેસર ફેરફારની પ્રક્રિયા છે તેમ જાહેર કરવાની તેમજ સામાવાળાએ ચાર્જશીટમાં જણાવેલ દિવસોમાં કામની સોંપણી કરેલ ન હોઈ તમામ દિવસોનો પગાર ભરપાઈ કરી આપે તેવો હુકમ કરવાની દાદ માંગેલ છે.

(૩) સદર કામે સામાવાળા ધ્વારા આંક–૧૩ થી તેમનો લેખિત જવાબ રજુ કરેલ છે જેની ટુંકી હકીકત એવી છે કે ફરીયાદીએ તેમની ફરીયાદમાં કરેલ વિધાનોમાથી સ્પષ્ટપણે કબુલ કર્યા સિવાયના વિધાનો સામાવાળાને કબુલ મંજુર નથી. સામાવાળા જણાવે છે કે આઈ.ડી. એકટની કલમ–૩૩ નો ભંગ કરેલ છે તેવી હકીકત ફરીયાદી પ્રસ્થાપિત ન કરે ત્યાસુધી ફરીયાદ પ્રથમ દર્શનીય રીતે ટકી શકે તેમ નથી. ફરીયાદી નોકરીમાં પુન:સ્થાપિત થવા બાબતે રેફરન્સ (એલ.સી.એ.) નં.૭/૨૦૧૧

ઉપસ્થિત કરેલ છે. જે ન્યાયનિર્ણય અર્થે પડતર છે. સદર વિવાદનો ટર્મ્સ ઓફ રેફરન્સ સપ્ટેમ્બર–૨૦૦૫ થી ફરજ પર ન ચઢાવી કામથી વંચિત રાખેલ હોઈ નોકરીમાં પુન:સ્થાપિત કરવાની દાદ માંગેલ છે. ફરીયાદીએ રેફરન્સ (આઈ.ટી.) નં.૧૮૬/૨૦૧૧ ઉપસ્થિત કરેલ છે. ફરીયાદીએ હાલની ફરીયાદ દાખલ કરેલ છે. આમ, સદર ફરીયાદને મલ્ટીપ્લીસીટી ઓફ પ્રોસીડીંગ્સનો બાધ નડે છે. સામાવાળા જણાવે છે કે ફરીયાદી રોજીંદા ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા હતા. અમદાવાદ શહેરમાં ફેબ્રુઆરી–૨૦૦૨ માં ફાટી નીકળેલ તોફાનોના સમયમાં અમદાવાદ શહેરની તંગ પરિસ્થિતિને કારણે સામાવાળા તેમની રોજીંદી બસો રોડ પર ચલાવી શકે તેમ ન હોઈ એપ્રિલ–૨૦૦૨ થી સપ્ટેમ્બર–૨૦૦૫ સુધીના સમયગાળા દરમ્યાન સામાવાળા રોજમદાર ડ્રાઈવરોને કામ આપી શકે તેવી પરિસ્થિતિમાં ન હતા. સપ્ટેમ્બર–૨૦૦૫ પછી સામાવાળાએ નવી ૧૦૦ બસો વસાવી તે સમયે સામાવાળાને જરૂરીયાત રોજીંદા ડ્રાઈવરની હોવાથી રૂ.૧૯૯/– ના દૈનિક ઉચ્ચક પગારથી અગાઉ ફરજ બજાવતા રોજમદારને ફરજ પર હાજર થવા તેમના ઘરના સરનામે જાણ કરવામાં આવેલ. ફરીયાદીને પણ આ મુજબ પત્ર લખેલ પરંતુ ફરીયાદી ફરજ ઉપર હાજર થયેલ નહી. ફરીયાદી તા.૨૫/૯/૦૭ ના રોજ ફરજ ઉપર હાજર થવા આવેલ અને માત્ર ચાર જ દીવસ તા.૨૫/૯/૦૭, તા.૨૬/૯/૦૭, તા.૩/૧૦/૦૭ તથા તા.૧૧/૧૦/૦૭ ના રોજ ફરજ બજાવી તા.૧૨/૧૦/૦૭ થી કોઈપણ જાતની જાણ કર્યા સિવાય સ્વેચ્છાપુર્વક ગેરહાજર રહેલ. ફરીયાદીની તા.૧૨/૧૦/૦૭ થી ગેરહાજરીને કારણે સામાવાળાએ વારંવાર પત્ર લખી હાજર થવા જાણ કરેલ હોવાછતાં ફરીયાદી ફરજ પર હાજર થયેલ નથી કે ગેરહાજરી બાબતે ખુલાસો કરેલ નથી. ફરીયાદ (આઈ.ટી.) નં.૨૦/૨૦૦૭ નો ચુકાદો સામાવાળાની તરફેણમાં આવેલ છે. સામાવાળાના રોજમદાર કર્મચારીઓને તા.૧/૧૧/૧૧ થી પાંચમાં પગાર પંચનો નકકી કર્યા મુજબનો પગાર ચુકવવાનો આદેશ આપવામાં આવેલ અને જે કર્મચારીઓ પાંચમા પગાર પંચનો ગ્રેડ મેળવવા કાયદેસર હકકદાર હતા તેઓને પત્ર લખી તે મુજબની ચુકવણી કરવાની પ્રક્રિયા

શરૂ કરેલ. સામાવાળાએ ફરીયાદીને પણ તા.૭/૧૨/૧૧ ના રોજ પત્ર લખી પાંચમા પગાર પંચની જોગવાઈઓ પ્રમાણેના લાભ આપવા જણાવેલ અને ફરીયાદીને ફરજમાં હાજર થવા તક આપેલ. ફરીયાદી ફરજ પર હાજર થયેલ નહી અને વાહીયાત રીતે છઠા પગાર પંચની માંગણી કરતો પત્ર તા.૩૦/૫/૧૨ ના રોજ લખી છઠા પગાર પંચના લાભો આપવામાં આવશે તો જ ફરજ પર હાજર થશે તેમ જણાવેલ. ફરીયાદી હાલમાં પણ સામાવાળાની ફરજ ઉપર ચાલુ છે. ફરીયાદીનું નામ હાજરીપત્રક પર ચાલુ રાખેલ છે તેમજ ફરીયાદીનુ નામ કમી કરતો કોઈ હુકમ કરવામાં આવેલ નથી. ફરીયાદીને તેઓએ કરેલ ગેરવર્તણુક બદલ ચાર્જશીટ ડી.આર.સી. નં.૩૭ (૧૨ × ૧૩) અને ચાર્જશીટ ડી.આર.સી. નં.૨૬ (૧૪ × ૧૫) થી આપેલ છે. સદર બંને ચાર્જશીટ અનુસંધાને સામાવાળાએ ફરીયાદીની બાબતમાં કોઈ શીક્ષાત્મક હુકમ કરેલ નથી કે ફરીયાદીને નોકરીમાથી છુટા કરેલ નથી. ફરીયાદીને વારંવાર પત્ર લખવા છતા ફરીયાદી ફરજ પર હાજર થયેલ નથી. સામાવાળાએ લેખિત જવાબની હકીકતે હાલની ફરીયાદ રદ કરવા જણાવે છે.

(૪) ફરીયાદી તરફે લીસ્ટ આંક–૪,૧૯,૨૩ તથા લીસ્ટ આંક– ૩૦ થી તેમના દસ્તાવેજો રજુ કરેલ છે. સામાવાળા તરફે લીસ્ટ આંક–૨૨,૨૬ તથા લીસ્ટ આંક– ૩૩ થી તેમના દસ્તાવેજો રજુ કરેલ છે.

ફરીયાદીનું આંક– ૨૪ થી જુબાનીરૂપી સોગંદનામુ રજુ કરવામાં આવેલ છે જે પરત્વે સામાવાળા તરફે ઉલટતપાસ લેવામાં આવેલ છે.

ફરીયાદી દ્વારા આંક–૨૭ તથા સામાવાળા તરફે આંક–૨૮ થી પોતપોતાનો મૌખિક પુરાવો લેવાનો હકક બંધ જાહેર કરેલ છે.

ફરીયાદી તરફે વકીલશ્રી બી.બી. ઠેસીયા તથા સામાવાળા તરફે વકીલશ્રી જે.ડી. ચાલીસહજારને સાંભળ્યા.

પક્ષકારોના વકીલશ્રી/પ્રતિનિધીશ્રી દ્વારા તેમની દલીલમાં મુખ્યત્વે તેમના પક્ષ નિવેદનની હકીકતો ઉપર આધાર રાખેલ હોઈ પુનરાવર્તન ટાળવાનાં

હેતુસર પક્ષકારોની દલીલોનો વિગતવાર ઉલ્લેખ હાલનાં કામે કરેલ નથી.

(૫) ફરીયાદી સામાવાળાએ ઈરાદાપુર્વક કામ ન આપી કહેવાતી ગેરહાજરી બદલ આપેલ ચાર્જશીટથી લઈ ફાઈનલ નોટીસ સુધીની પ્રક્રિયા નોકરીની શરતોમાં ગેરકાયદેસર ફેરફાર ઠરાવવાની તથા ચાર્જશીટના જણાવેલ દિવસોમાં કામની સોપણી કરેલ ન હોઈ તે તમામ દિવસના વળતરની માંગણી કરેલ છે.

ફરીયાદીને આપેલ તા.૨૭/૯/૧૨ ના રોજની ચાર્જશીટ ડી.આર.સી. નં. ૩૭ (૧૨ × ૧૩) નિ.૪/૫ થી રજુ છે જેમાં ફરીયાદી વિરુઘ્ધ તા.૧/૧/૧૨ થી તા.૩૦/૬/૧૨ સુધી કુલ –૧૮૨ દિવસ અનધિકૃત ગેરહાજર રહેલ હોવાના તહોમત મુકાવામાં આવેલ છે.

ફરીયાદીને આપેલ તા.૧૭/૫/૧૪ ના રોજની ચાર્જશીટ ડી.આર.સી. નં .૨૬ (૧૪ × ૧૫) નિ.૪/૬ થી રજુ છે જેમાં ફરીયાદી વિરુઘ્ધ તા.૧/૧/૧૩ થી તા.૩૧/૧૨/૧૩ સુધી કુલ –૩૬૫ દિવસ અનધિકૃત ગેરહાજર રહેલ હોવાના તહોમત મુકવામાં આવેલ છે.

ફરીયાદીને ઉપરોકત બંને ચાર્જશીટ સંબંધે નિ.૪/૨ થી રજુ તા. ૮/૩/૧૬ ના રોજની ફાઈનલ નોટીસ આપેલ છે જેમાં ફરીયાદીને તેમની ગેરવર્તણુંક બદલ શા માટે બરતરફ કરવા નહી ? તે મુજબની શીક્ષા કરવા અંગેની ફાઈનલ કારણદર્શક નોટીસ આપવામાં આવેલ છે.

**(એ)** સદર કામે રેફરન્સ ( આઈ.ટી.) નં.૧૮૬/૨૦૧૧ ના કામે થયેલ તા.૨૯/૧/૨૫ ના રોજનો ઔદ્યોગિક ન્યાયપંચનો ચુકાદો ઘ્યાને લેવામાં આવે તો સદર ચુકાદાના પેરા–૧૬ માં જણાવેલ છે કે,

''૧૬.....ત્યારબાદ સંબંધીત શ્રમયોગીએ ૨૦૦૭ માં કેટલાક ફરજો બજાવેલ હોવાનું જણાઈ આવે છે, પરંતુ ફરીયાદ (આઈ.ટી.) નં.૨૦/૨૦૦૭ માં આવેલ ચુકાદા બાદ પણ સંબંધીત શ્રમયોગી ફરજ ઉપર હાજર થયેલ હોવાનું જણાઈ આવતું નથી.

પ્રથમ પક્ષકાર તરફે રજુ આંક–૩૩/૧ નો પત્ર ઘ્યાને લેતાં સંબંધીત શ્રમયોગીએ તા.૩૦/૫/૨૦૧૨ નો પત્ર લખી છઠા પગાર પંચ મુજબ પગાર ચુકવવામાં

આવે તો ફરજ ઉપર ચઢવા તૈયાર છે તેમ જણાવેલ છે.

આમ, સમગ્ર રેકર્ડ ધ્યાને લેતાં સંબંધીત શ્રમયોગી ૨૦૦૨ પછી ૨૦૦૭ માં થોડા દિવસ ફરજો બજાવેલ હોવાનું અને આંક–૨૩ ના લીસ્ટથી રજુ પગાર સ્લીપો ધ્યાને લેતા નવેમ્બર–૨૦૨૨ થી ફરજો બજાવતા હોવાનું જણાઈ આવે છે.''

ઔધોગિક ન્યાયપંચનો ઉપરોકત ચુકાદો ધ્યાને લેવામાં આવે તો ફરીયાદીએ ૨૦૦૨ પછી ૨૦૦૭ માં થોડા દિવસ ફરજો બજાવેલ હોવાનું તથા ફરીયાદ (આઈ.ટી.) નં.૨૦/૨૦૦૭ માં આવેલ ચુકાદા બાદ પણ ફરીયાદી ફરજ ઉપર હાજર થયેલ હોવાનું જણાઈ આવતું નથી. તે મુજબ તેમના તારણ રજુ કરેલ છે. ફરીયાદ (આઈ.ટી.) નં.૨૦/૨૦૦૭ નો ચુકાદો તા.૩૦/૬/૧૧ ના રોજ આવેલ છે.

**(બી)** ફરીયાદી સદર કામે રજુ તેમના આંક–૨૪ ના જુબાનીરૂપી સોગંદ નામાની ઉલટતપાસમાં જણાવેલ છે કે

'' એ વાત ખરી છે કે સને–૨૦૦૫ માં જયારે કામ ઉપસ્થિત થયું ત્યારે સંસ્થાએ તમામ ડેઈલી વેજરોને પત્ર લખી કામ ઉપર હાજર થવા જણાવેલું એ વાત ખરી છે કે સંસ્થાએ તે સમયે મને પણ હાજર થવા જણાવેલ. એ વાત ખરી નથી કે તે પત્ર મળવા છતાં હું સપ્ટેમ્બર–૨૦૦૭ સુધી કામ ઉપર હાજર થયેલો નહિ. એ વાત ખરી છે કે હું સપ્ટેમ્બર–૨૦૦૭ સુધી ફરજ બજાવવા માટે કામ ઉપર ગયેલો તેવી હકીકત મારી ફરીયાદમાં કે સરતપાસમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે સપ્ટેમ્બર–૨૦૦૫ થી સપ્ટેમ્બર–૨૦૦૭ સુધી પ્રાઈવેટ ઓપરેટર ધ્વારા ઓફર મળેલ હોવાથી અને હું ત્યાં કામ કરતો હોવાથી સંસ્થામાં કામ ઉપર ગયેલો નહિ.

એ વાત ખરી છે કે નોકરીમાં પુન:સ્થાપિત થવા માટે મે રેફરન્સ (એલ.સી. એ.) નં. ૭/૨૦૧૧ દાખલ કરેલો.

એ વાત ખરી છે કે તા.૧૨/૧૦/૦૭ થી તા.૩૧/૧૨/૧૧ સુધી હું ફરજ પર ગયેલ હોઉ તેવો આધારભુત પુરાવો હાલના કામે રજુ કરેલ નથી.

એ વાત ખરી છે કે તા.૧/૧/૧૩ થી તા.૩૧/૧૨/૧૩ સુધી ફરજ બજાવવા ગયેલો નહી. ''

ફરીયાદીની ઉપરોકત ઉલટતપાસ પરથી તા.૧૨/૧૦/૦૭ થી તા.૩૧/૧૨/૧૧ સુધી ફરજ પર ગયેલ હોય તેવો આધારભુત પુરાવો રજુ કરેલ નથી. વધુમાં, ફરીયાદી તા.૧/૧/૧૩ થી તા.૩૧/૧૨/૧૩ સુધી ફરજ બજાવવા ગયેલો નહી તેવી હકીકત સ્વીકારે છે.

**(સી)** સદર કામે મજુર અદાલત ધ્વારા રેફરન્સ (એલ.સી.એ.) નં. ૭/૨૦૧૧ ના કામે થયેલ તા.૧/૨/૨૫ ના રોજનો ચુકાદો નિ.૨૨/૧ થી રજુ છે.

સદર ચુકાદો વંચાણે લેતા ફરીયાદીએ જાન્યુઆરી–૨૦૧૧ થી નોકરી માંથી બંધ કરી દીધેલ હોવાનું જણાવેલ છે. મજુર અદાલત ધ્વારા ફરીયાદીનો વિવાદ રદ કરેલ છે.

**(૬)** ઉપરોકત પેરા–૪ ના સબ પેરા–(એ),(બી),(સી) માં જણાવેલ હકીકતો ધ્યાને લેતા ફરીયાદીએ ૨૦૦૨ પછી ૨૦૦૭ માં થોડા દિવસ ફરજો બજાવેલ હોવાનું જણાય છે. ફરીયાદી ફરીયાદ (આઈ.ટી.) નં.૨૦/૨૦૦૭ માં આવેલ ચુકાદા બાદ પણ ફરજ ઉપર હાજર થયેલ હોવાનું જણાતું નથી. ફરીયાદીએ તા.૧૨/૧૦/૦૭ થી તા.૩૧/૧૨/૧૧ સુધી ફરજ પર ગયેલ હોય તેવા પુરાવા રજુ કરેલ નથી. ફરીયાદી તા.૧/૧/૧૩ થી તા.૩૧/૧૨/૧૩ સુધી ફરજ બજાવવા ગયેલ નહી તેવી હકીકત સ્વીકારે છે.

ફરીયાદીને સામાવાળાએ ઈરાદાપુર્વક કામ આપેલ નથી તેવી હકીકત પુરવાર થતી નથી. ફરીયાદી તા.૧/૧/૧૨ થી તા.૩૦/૬/૧૨ સુધી કુલ–૧૮૨ દિવસ તથા તા.૧/૧/૧૩ થી તા.૩૧/૧૨/૧૩ સુધી કુલ–૩૬૫ દિવસ અનધિકૃત ગેરહાજર રહેલ હોઈ ફરીયાદીને ચાર્જશીટ આપી ખાતાકીય તપાસ હાથ ધરવામાં આવેલ છે.

ફરીયાદીની ગેરવર્તણુક બદલ ફરીયાદીને ચાર્જશીટ આપી ખાતાકીય તપાસ હાથ ધરી ફાઈનલ નોટીસ આપવાની તમામ પ્રક્રિયા સામાવાળાના શિસ્તના નિમય અનુસાર હોવાનુ જણાંતુ હોઈ ફરીયાદીની નોકરીની શરતોમાં કોઈપણ જાતનો ગેરકાયદેસર ફેરફાર થતો નથી.

ફરીયાદીની નોકરીની શરતોમાં ગેરકાયદેસર ફેરફાર થતો ન હોઈ ફરીયાદીની હાલની આઈ.ડી. એકટની કલમ–૩૩ (એ) હેઠળની ફરીયાદ કાયદેસર ટકી શકે તેમ નથી તેમજ ફરીયાદી સદર અરજીમાં માંગેલ દાદ મેળવવા કાયદેસર હકકદાર થતા નથી તે મુજબ હું ઠરાવું છું.

(૭) ફરીયાદીને સામાવાળાએ ઈરાદાપુર્વક કામ આપેલ નથી તેવી હકીકત પુરવાર થતી નથી. આ સંજોગોમાં ચાર્જશીટમાં જણાવેલ દિવસોમાં કામની સોંપણી કરેલ નથી તેવી હકીકત પુરવાર થતી ન હોઈ આ દિવસોનો પગાર ભરી આપવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો ન હોઈ ચાર્જશીટમાં જણાવેલ દિવસોનો પગાર ચુકવી આપવાની દાદ નામંજુર કરવામાં આવે છે.

(૮) ફરીયાદીને સામાવાળાએ ઈરાદાપુર્વક કામ આપેલ નથી તેવી હકીકત પુરવાર થતી ન હોઈ ચાર્જશીટથી લઈ ફાઈનલ નોટીસ સુધીની પ્રક્રિયા નોકરીની શરતોમાં ગેરકાયદેસર ફેરફાર નથી. આ સંજોગોમાં ફરીયાદીની ફરીયાદ અરજી કાયદેસર ટકી શકે તેમ નથી. વધુમાં સામાવાળાએ ઈરાદાપુર્વક કામ આપેલ નથી તેવી હકીકત પુરવાર થતી ન હોઈ આ દિવસોનો પગાર ભરી આપવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. આ સંજોગોમાં ફરીયાદી સદર અરજીમાં માંગેલ દાદ મેળવવા હકકદાર થતા ન હોઈ ફરીયાદીની ફરીયાદ રદ કરવામાં આવે છે.

ઉપરોકત ચર્ચા કરેલ તમામ કારણોસર સદર કામે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

(૧) ફરીયાદીની ફરીયાદ (આઈ.ટી.) નં.૦૫/૨૦૧૬ રદ કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

Digitally signed by
ASHVINKUMAR ANILKUMAR DAVE
Reason: JUDGEMENT
at AHMEDABAD
on 18/07/2026 16:20:41 IST.

તા.૧૮–૦૭–૨૦૨૬ (અશ્વિનકુમાર અનિલકુમાર દવે)

સ્થળ: અમદાવાદ જજ કોડ : જીજે ૦૦૭૭૬

પ્રમુખ અધિકારી,

ઔદ્યોગિક ન્યાયપંચ, અમદાવાદ

**એસ.જી.રામાણી,પી.એસ.**